દક્ષિણ ગુજરાતની 12 સુગર ફેક્ટરીના ખેડૂતોને 200 કરોડનો લાભ થવાની શક્યતા

# ખાંડનો ભાવવધારો ખેડૂતો માટે લોટરી

**ખેડૂતોને** ભાવફેરની રકમ દિવાળીએ શેરડીના બીજા હપ્તા સાથે બોનસ તરીકે ચૂકવવાની માંગ

સુરતઃ ખાંડના ભાવમાં છેલ્લા કેટલાક સમયથી નોંધાયેલા નોંધપાત્ર વધારાને પગલે દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓ સાથે સંકળાયેલા શેરડી પકવતા ખેડૂતોને મોટો આર્થિક લાભ મળવાની શક્યતા ઊભી થઈ છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતની 12 સુગર ફેક્ટરીમાં હાલ અંદાજે 10 લાખ ગુણો ખાંડનો સ્ટોક હોવાનું અને તેનો સરેરાશ ઉત્પાદન ખર્ચ/સ્ટોક મૂલ્ય આશરે રૂ.35થી 40 પ્રતિ કિલો હોવા સામે બજારમાં ખાંડનો ભાવ રૂ.55થી 60 પ્રતિ કિલો સુધી પહોંચ્યો હોવાનું સહકારી ક્ષેત્રમાં ચર્ચાઈ રહ્યું છે. આ ભાવફેરનો લાભ ખેડૂતોને 'સુગર શેરિંગ' અથવા ભાવફેરની રકમ તરીકે પરત આપવા માંગ ઊઠી છે.

સહકારી ક્ષેત્રના આગેવાનોના અંદાજ મુજબ હાલના ભાવફેરને ધ્યાનમાં લેવામાં આવે તો દક્ષિણ ગુજરાતના શેરડી ઉત્પાદકોને કુલ મળીને આશરે રૂ.200 કરોડનો વધારાનો લાભ મળી શકે છે. સુરત જિલ્લાના એક સુગર કારખાનાની વ્યવસ્થાપક કમિટીમાં તાજેતરમાં આવેલા સત્તા પરિવર્તન બાદ ખેડૂતોમાં આ માંગ વધુ પ્રબળ બની છે. હાલના સ્ટોક ઉપરાંત નવા વર્ષમાં શેરડીના પિલાણમાંથી તૈયાર થનારી ખાંડમાં પણ વર્તમાન ઊંચા બજારભાવનો લાભ મળવાની સંભાવના છે. ખાંડના ભાવમાં હજુ વધારો થવાની શક્યતા વ્યક્ત થતાં સુગર ફેક્ટરીઓના ખેડૂતોને મળનારા અંતિમ શેરડી ભાવમાં પણ વધારો થઈ શકે છે. ખેડૂતોનું માનવું છે કે, ખાંડના ઊંચા ભાવથી સુગર ફેક્ટરીઓની આર્થિક સ્થિતિ મજબૂત બને ત્યારે તેના લાભમાં શેરડી ઉત્પાદકોનો યોગ્ય હિસ્સો નક્કી થવો જોઈએ.

## 2021 બાદ 4 લાખ ટન શેરડીનું ઉત્પાદન ઘટ્યું

ખેડૂત અને સહકારી અગ્રણી જયેશભાઈ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, "દક્ષિણ ગુજરાતમાં વર્ષ-2021માં એક એકરે શેરડીનું ઉત્પાદન સરેરાશ 34 ટન થતું હતું, જે હવે ઘટીને 24 ટન જેટલું થયું છે. એટલે એક એકરદીઠ આશરે 10 ટનનો ઘટાડો થયો છે. વર્ષ-2021માં દક્ષિણ ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન 11 લાખ ટન હતું, જે હવે ઘટીને લગભગ 7 લાખ ટન થયું છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે શહેરીકરણને કારણે ખેતીલાયક જમીન સતત ઘટી રહી છે. ભારે વરસાદ અને પાણી ભરાઈ રહેતા વિસ્તારોમાં જમીનનું ધોવાણ વધ્યું છે અને જમીનની ફળદ્રુપતા પણ ઘટી છે. બીજી તરફ શેરડી બાળવાની પ્રથાને કારણે પણ જમીનની ગુણવત્તા તથા ઉત્પાદનક્ષમતા પર અસર થઈ રહી છે. જયેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને જો ખાંડના ભાવવધારાનો વધારાનો લાભ મળે તો આ રકમનો ઉપયોગ આગામી પાકનું ઉત્પાદન વધારવા માટે કરવો જોઈએ. જમીનની ફળદ્રુપતા જાળવવા, આધુનિક ખેતી થકી પ્રતિ એકર ઉત્પાદકતા વધારવા માટે આ વધારાની આવકનો ઉપયોગ કરવામાં આવે તો દક્ષિણ ગુજરાતના ઘટતા શેરડી ઉત્પાદનને ફરી વેગ આપી શકાય.

- **સુગર ફેક્ટરીઓમાં 10 લાખ ગુણ ખાંડનો સ્ટોક**
- **ખાંડનો ઉત્પાદન ખર્ચ 35થી 40 રૂપિયા પ્રતિકિલો**
- **ખાંડની હાલની બજાર કિંમત 55થી 60 રૂપિયા પ્રતિકિલો**
- **રૂ.200 કરોડનો વધારાનો લાભ મળી શકે છે.**

### 31 માર્ચના સ્ટોક ભાવ સામે બજારમાં રૂ.55થી 60નો ભાવ

દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓના સંચાલકોએ 31 માર્ચના સ્ટોકની કિંમતના આધારે ખાંડનો સરેરાશ ભાવ આશરે રૂ.3,500 પ્રતિ ક્વિન્ટલ એટલે કે રૂ.35 પ્રતિ કિલો ગણ્યો હતો. હવે ખાંડના બજારભાવમાં વધારો થતાં આ જ ખાંડનો ભાવ રૂ.55થી 60 પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. એટલે કિલોદીઠ આશરે રૂ.20થી 25નો ભાવફેર ઊભો થયો છે. ખેડૂતોનું કહેવું છે કે, ખાંડના ભાવમાં થયેલા વધારાનો લાભ માત્ર સુગર ફેક્ટરીના નફા સુધી મર્યાદિત ન રહે, પરંતુ શેરડીના ઉત્પાદકો સુધી પણ પહોંચવો જોઈએ.

VNSGUના 59મા પદવીદાન સમારોહમાં યુવાનોને રાજ્યપાલનો સંદેશ

# 'ઈટ, ડ્રિંક એન્ડ બી મેરી'થી ક્ષણિક આનંદ, કાયમી સુખ નહીં



**ડબલ** ચારિત્ર્ય નહીં ચાલે, ડિગ્રી સાથે ચારિત્ર્ય, કર્તવ્યનિષ્ઠા અને માનવતાનું શિક્ષણ પણ જરૂરીઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ અને મહાનુભાવોના હસ્તે ૧૨ વિદ્યાશાખાના ૯૨ અભ્યાસક્રમના ૩૭,૩૦૫ યુવા છાત્ર-છાત્રાઓને મેડલ્સ તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત ૯૩ વિદ્યાર્થીને પીએચ.ડી.ની પદવી એનાયત થઈ હતી. દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલે ખાસ કરીને યુવા દીકરા-દીકરીઓને સંબોધતાં જણાવ્યું હતું કે આધુનિકતા અને વ્યક્તિગત સ્વતંત્રતાના નામે જીવનમૂલ્યો, પરિવાર અને સદાચારને ભૂલી જવું કોઈ પ્રગતિ નથી.

રાજ્યપાલે જીવનને માત્ર મોજ-મસ્તી અને ભોગવિલાસ સુધી સીમિત રાખવાની માનસિકતા સામે પણ ચેતવણી આપી હતી. 'ઈટ, ડ્રિંક એન્ડ બી મેરી'ને જીવનનો અંતિમ ધ્યેય બનાવી દેવાની પ્રવૃત્તિ ક્ષણિક આનંદ આપી શકે છે, પરંતુ કાયમી સુખ અને શાંતિ આપી શકતી નથી. તેમણે જણાવ્યું હતું કે, જીવનમાં મર્યાદા, સંયમ અને જવાબદારીનું મહત્ત્વ છે. અસત્ય, ચોરી અને દુરાચાર ક્યારેય ટકાઉ જીવનમૂલ્યો બની શકતાં નથી. જ્યારે સત્ય, સદાચાર અને કર્તવ્યનિષ્ઠા જ વ્યક્તિને લાંબા ગાળાનું સુખ અને સમાજમાં સન્માન અપાવે છે.

### અજિત-પ્રિયાએ એકસાથે મેળવી PhDની ડિગ્રી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના 59મા દીક્ષાંત સમારોહમાં દંપતિને પીએચડીની ડિગ્રી અપાઈ હતી. દિલ્હી યુનિવર્સિટીમાં M.A. (હિન્દી) દરમિયાન ક્લાસમેટ બનેલા આ દંપતીએ લગ્ન બાદ નોકરીની સાથે ઉચ્ચ શિક્ષણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. વર્ષ-2021માં બંનેએ PhDની શરૂઆત કરી હતી. અજિત કુમાર સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં રાજભાષા અધિકારી તરીકે, જ્યારે પ્રિયા કેન્દ્રીય વિદ્યાલયમાં ફરજ બજાવે છે. વૈવાહિક અને વ્યાવસાયિક જવાબદારીઓ ઉપરાંત વર્ષ-2024માં બાળકના જન્મ અને ઉછેરની જવાબદારી સંભાળતાં બંનેએ એકબીજાને સતત સાથ અને પ્રોત્સાહન આપ્યું હતું. ચાર વર્ષના સંઘર્ષ અને મહેનત બાદ બંનેએ PhD પૂર્ણ કરી છે.

### નવસારીની અનેરીને 6 મેડલ અને 2 પ્રાઈઝ



નવસારીની વિદ્યાર્થિની અનેરી હસમુખભાઇ શેલાડિયાને બી.કોમ.ની પદવી સાથે છ મેડલ અને બે પ્રતિષ્ઠિત પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવી હતી. નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની વિદ્યાર્થિની અનેરીએ માર્ચ-2026ની બી.કોમ. પરીક્ષામાં 9.15 CGPA મેળવી યુનિવર્સિટી સ્તરે શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. તેને ઓવરઓલ ફર્સ્ટ રેન્ક સહિત એકાઉન્ટિંગ અને ઓડિટિંગ ક્ષેત્રે પણ ગોલ્ડ મેડલ મળ્યા છે. શ્રી અશ્વિન મહેતા પ્રાઈઝ અને હેમલબેન સુંદરલાલ દેસાઈ પ્રાઈઝ પણ એનાયત થયા છે. શૈક્ષણિક સફળતા બાદ હવે અનેરીનું લક્ષ્ય UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષા પાસ કરી IAS અથવા IPS અધિકારી બનવાનું છે.

### નવસારીની મહાફરીન દેસાઈને ત્રણ ગોલ્ડ મેડલ

નવસારીની મહાફરીન શાહરૂખ દેસાઈને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. બી.પી.બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીની વિદ્યાર્થિની મહાફરીને બી.એસસી. (મેથેમેટિક્સ)માં 10માંથી 9.77 સી.જી.પી.એ. મેળવી યુનિવર્સિટીમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મહાફરીનને શ્રી પરમહંસ યોગાનંદ મેડલ સહિત કુલ ત્રણ ગોલ્ડ મેડલ મળ્યા છે. સામાન્ય પરિવારમાંથી આવતી મહાફરીને પોતાની મહેનત અને સતત અભ્યાસથી આ સિદ્ધિ હાંસલ કરી છે. હવે તેનું લક્ષ્ય ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી રિસર્ચર બનવાનું છે. તેણે પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા, શિક્ષકો અને સંસ્થાના માર્ગદર્શનને આપ્યો હતો.

### ડીજીલોકરમાં તમામ ડિગ્રી ડિજિટલી ઉપલબ્ધ બનશે

૫૯મા પદવીદાન સમારોહમાં એનાયત થયેલી તમામ ૩૭,૩૦૫ ડિગ્રી વિદ્યાર્થીઓના ડીજીલોકરમાં ઉપલબ્ધ બનશે, જે લોગઈન આઈડીથી વિદ્યાર્થીઓ એક્સેસ કરી શકશે. રાજ્યપાલે રિમોટ દ્વારા તમામ ડિગ્રીઓ નેશનલ એકેડેમિક ડિપોઝિટરીમાં ડિજિટલ માધ્યમથી ડિપોઝિટ કરાવી હતી. આ પ્રસંગે કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડા, કુલસચિવ આર.સી.ગઢવી, પરીક્ષા નિયામક એ.વી.ધડૂક, વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના પદાધિકારીઓ, કોલેજોના આચાર્યો સહિત પદવી મેળવનાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'ડાયપર'માં ડ્રગ્સ મૂકી સપ્લાય કરતી પૂર્વ એરહોસ્ટેસ પકડાઈ



**સુરતમાં** એક્સપ્રેસ-વે પરથી 30 લાખના મેફેડ્રોન સાથે બે ઝડપાયા

**પાર્ટીઝમાં** સપ્લાય કરવામાં માહિર, જેલમાંથી છૂટી ફરી ડ્રગ્સનો કારોબાર શરૂ કર્યો

સુરત, પલસાણાઃ ડાયપરમાં ડ્રગ્સ મૂકીને સપ્લાય કરતી પૂર્વ એરહોસ્ટેસ અને તેના સાગરીતને પોલીસે પકડી લીધી છે.

અમદાવાદ-વડોદરા તરફથી ડ્રગ્સનો મોટો જથ્થો મુંબઈ તરફ લઈ જતી સિલ્વર કલરની અર્ટીગા કાર (MH-03-FC-4370)ને સુરત ક્રાઈમ બ્રાંચ અને ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમે પલસાણાના એના ટોલનાકા પાસે આંતરી હતી તેમાંથી રૂ.29,32,830 ની કિંમતનું 977.61 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, રૂ.4,670 રોકડા, 2 મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકની ઝીપબેગ સાથે માનસી અબ્દુલ સૈયદ (ઉં.વ.41, રહે., સરગમ, નાંદેડ સિટી, ડાયનેમિક કાર વોશ સેન્ટરની સામે, જિ.પુણે, મહારાષ્ટ્ર, હાલ રહે.119 કોલીવરી વિલેજ, કલીના, સાંતાક્રુઝ ઈસ્ટ, મુંબઈ) અને સોહેલ સુલેમાન શેખ (ઉં.વ.20, રહે., કોલીવરી વિલેજ, કલીના, સાંતાક્રુઝ ઈસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી. માનસી મલેશિયન એરલાઈન્સની પૂર્વ એરહોસ્ટેસ છે અને ડાયપરમાં ડ્રગ્સ છુપાવી પાર્ટીઝમાં સપ્લાય કરવામાં માહિર છે. ડ્રગ્સ કેસમાં જેલમાંથી છૂટતા ફરી વેપલો શરૂ કર્યો હતો. પોલીસે ડ્રગ્સ આપનાર મહિલાને વોન્ટેડ જાહેર કરી છે.

### વડોદરાથી જથ્થો મેળવી મુંબઈના પેડલર્સને વેચવાની યોજના હતી

પોલીસ પૂછપરછમાં બંને આરોપીઓએ જણાવ્યું કે તેઓ મુંબઈના સાંતાક્રુઝ ઈસ્ટના રહેવાસી છે. તેઓ મુંબઈથી ભાડાની કાર લઈને નીકળ્યા હતા અને વડોદરા રેલવે સ્ટેશન પાસે એક અજાણી મહિલા પાસેથી આ ડ્રગ્સનો જથ્થો મેળવ્યો હતો. આ જથ્થો મુંબઈ લઈ જઈ 5થી 10 ગ્રામની નાની-નાની પડીકીઓ બનાવી અલગ-અલગ ડ્રગ પેડલર્સને ડિમાન્ડ મુજબ વેચવાનો તેમનો પ્લાન હતો. પકડાયેલો 20 વર્ષીય સોહેલ શેખ માનસીના પાડોશમાં રહે છે અને માનસી સાથે રહીને ડ્રગ્સની હેરાફેરીમાં મદદગારી કરતો હતો.

### એર હોસ્ટેસથી ડ્રગ સપ્લાયર સુધીની સફર

પોલીસ તપાસમાં બહાર આવેલા તથ્યો અનુસાર, આરોપી મહિલા માનસી અબ્દુલ સૈયદે અગાઉ મલેશિયન એરલાઈન્સમાં એરહોસ્ટેસ તરીકે કામ કર્યું હોવાનો દાવો કર્યો છે. અગાઉ ૨૦૨૧માં ઈન્દોર ક્રાઈમ બ્રાન્ચે તેની ૧૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી, જેમાં તેણે ૪ વર્ષ જેલની હવા ખાધી હતી. જેલમાંથી છૂટ્યા બાદ પણ તે ફરી નશાના આ કારોબારમાં સક્રિય થઈ હતી.

### માનસી દિલ્હીમાં સ્ટેજ શો આર્ટિસ્ટ સાથે કામ કરી ચૂકી છે

તપાસમાં સામે આવ્યું છે કે 41 વર્ષીય માનસી વર્ષ 2015 થી ખુદ એમ.ડી. ડ્રગ્સનું સેવન કરે છે તેના પિતા એર ઇન્ડિયામાં સિનિયર ટેકનિશિયન હતા અને પોતે મુંબઈની એર ઇન્ડિયા કોલોનીમાં વર્ષ 2016 સુધી રહેતી હતી. ધોરણ-10 સુધી ભણેલી માનસી ક્લાસિકલ ડાન્સ પણ જાણે છે અને ભૂતકાળમાં હરિયાણા, પંજાબ તથા દિલ્હીમાં સ્ટેજ શો આર્ટિસ્ટ સાથે કામ કરી ચૂકી છે. તેણે 'મલેશિયન એરલાઇન્સ'માં એરહોસ્ટેસ તરીકે પણ નોકરી કરી હતી અને 7 થી 8 દેશોની મુલાકાત લીધેલી છે.

### ડ્રગ એડિક્ટ મુંબઈના શ્રીમંત પરિવારને ટૂંક સમયમાં પોલીસનું તેડું આવશે

મુંબઈમાં તેનું મોટું પેડલર નેટવર્ક છે અને આ જથ્થો પણ નાની પડીકીઓમાં વહેંચવાનો હતો. મુંબઈમાં જે માનસી પાસે ડ્રગ્સ લઈ જતા તે મોટે ભાગે મુંબઈના રહીશ પરિવાર વર્ગ છે. પોલીસ માનસીના મોબાઇલ નંબર ની કોલ ડિટેલ કઢાવી ડ્રગ્સ લેનારની પણ પોલીસ તપાસ કરશે. ડ્રગ એડિક મુંબઈના મોટા શ્રીમંત પરિવાર ને ટૂંક સમયમાં પોલીસનું તેડું આવશે.

### મહિલા લગ્ન બાદ ડ્રગ વેપારમાં જોડાઈ હતી

બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ક્રાઈમ બ્રાન્ચે પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન તપાસમાં જાણવા મળ્યું હતું કે મહિલા હિન્દુ છે અને ઇન્દોરમાં પકડાય તે પહેલાં તેણે મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તે ડ્રગ્સની લત લાગી જતાં ડ્રગ્સ સપ્લાયના ધંધામાં પણ સંડોવાઈ હતી. મહિલા પડોશમાં રહેતા 20 વર્ષીય યુવકની સારસંભાળ રાખતી હોવાથી તેને પોતાના ડ્રગ્સના ધંધામાં મદદ માટે સામેલ કર્યો હતો. દરમિયાન ડ્રગ્સ લેવા જતી વખતે યુવકના વૃદ્ધ પિતાને કોઈ જાણ કર્યા વિના પોતાની સાથે લઈ ગયા હતા. પોલીસે દરોડા દરમિયાન વૃદ્ધને ઝડપી લીધા બાદ તેમનું નિવેદન નોંધતાં સમગ્ર મામલે તેઓ અજાણ હોવાનું સામે આવ્યું હતું. દીકરાના કહેવાથી તેઓ સાથે આવ્યા હોવાનું જાણવા મળતાં પોલીસે તેમને મુક્ત કરી દીધા હતા.

# ખોપી-સાગબારા જંગલ જમીન મુદ્દે કોંગ્રેસની આજે CCF સાથે બેઠક

**આદિવાસી** ખેડૂતોના પેન્ડિંગ ફોરેસ્ટ રાઇટ્સ દાવા, વર્ષોથી ચાલતી ખેતી અને ગ્રામસભાના ઠરાવો અંગે ડો. તુષાર ચૌધરીની આગેવાનીમાં કરશે રજૂઆત


સુરતઃ ખોપી-સાગબારા વિસ્તારમાં આદિવાસી ખેડૂતો દ્વારા જંગલ જમીન પર વર્ષોથી કરવામાં આવતી ખેતી અને તેના કાયદેસર હકોના પ્રશ્નને લઈને આવતીકાલે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીની આગેવાનીમાં કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ વન વિભાગના CCF પુનીત નૈયર સાથે સુરત ખાતે સાંજે ચાર કલાકે મહત્વપૂર્ણ બેઠક કરશે.

બેઠકમાં ખાસ કરીને ખેડૂતોના લાંબા સમયથી પેન્ડિંગ રહેલા ફોરેસ્ટ રાઈટ્સ દાવાઓ, જંગલ જમીન પર વર્ષોથી ચાલી રહેલી ખેતી, સંબંધિત સરકારી રેકોર્ડ તથા ગ્રામસભા દ્વારા કરવામાં આવેલા ઠરાવો જેવા મુદ્દાઓ પ્રતિનિધિમંડળ દ્વારા અધિકારીઓ સમક્ષ મૂકવામાં આવશે. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલા, કોંગ્રેસના આગેવાન દર્શન નાયક, સ્થાનિક કોંગ્રેસના આગેવાનો તેમજ પૂર્વ ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. ઉપરાંત, અસરગ્રસ્ત વિસ્તારના ખેડૂતોના પ્રતિનિધિઓ પણ બેઠકમાં હાજર રહેશે. કોંગ્રેસના આગેવાનોના જણાવ્યા મુજબ, આદિવાસી ખેડૂતો દ્વારા વર્ષોથી કરવામાં આવતી ખેતી અને જંગલ અધિકાર સંબંધિત દાવાઓના યોગ્ય નિરાકરણ માટે કાયદાકીય જોગવાઈઓ અને ઉપલબ્ધ પુરાવાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે. ખેડૂતોના હકોને લગતા સરકારી રેકોર્ડ અને ગ્રામસભાના ઠરાવોને પણ મહત્વપૂર્ણ આધાર તરીકે રજૂ કરવામાં આવશે.

# વાંસદામાં દીપડો માનવ 'લોહીચાખી' ગયો, ત્રણ દિવસમાં બે-હુમલા!

**રાણી** ફળિયાની મહિલા પર હુમલા બાદ ઉપસળ ગામમાં આધેડને નિશાન બનાવ્યા

**વનવિભાગે** પાંજરાં ગોઠવીને કોતરમાંથી દીપડાને પકડી પાડ્યો



વાંસદાઃ વાંસદા તાલુકાના રાણીફળિયા ગામે શનિવારે મહિલા પર દીપડાએ હુમલો કર્યા બાદ ત્રણ જ દિવસમાં બાજુના ઉપસળ ગામના કાજિયા ફળિયામાં રહેતા ગમનભાઈ કેશવભાઈ પટેલ ઘરના પાછળના ભાગે હતા, તે દરમિયાન નજીકના ખેતરમાંથી અચાનક દોડી આવેલા દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં વાંસદા વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને હુમલામાં ઘાયલ ગમનભાઈને સારવાર માટે રાણીફળિયા ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે નાયબ વન સંરક્ષક, વલસાડ ઉત્તર તથા મદદનીશ વનસંરક્ષક, વાંસદાના માર્ગદર્શન હેઠળ વનવિભાગે ઘટના સ્થળ તથા આસપાસના વિસ્તારમાં પાંજરા ગોઠવી દીપડાને પકડવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન તપાસ કરતાં નજીકના કોતરમાં ઘાયલ દીપડો નજરે પડ્યો હતો. ત્યારબાદ વાંસદા વનવિભાગ, રેસ્ક્યુ ટીમ અને ગ્રામજનોના સહયોગથી આશરે ત્રણ વર્ષના દીપડાનું સફળતા પૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

### વાંસદાના વાડી જેવા વિસ્તારમાં બચ્ચાં સાથે ફરતા દીપડા

વાંસદા પંથકમાં કૃષ્ણકુંજ વાટિકા તેમજ ભ્રમદેવ સોસાયટીના પાછળના ભાગે આવેલા વાડી જેવા વિસ્તારમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી વારંવાર બચ્ચા સહિત દીપડાઓ જોવા મળી રહ્યા છે. અગાઉ પણ સ્થાનિકો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા આ વિસ્તારમાં પાંજરું મૂકવામાં આવ્યું હતું, પરંતુ દીપડાઓ પાંજરે પુરાયા ન હતા.

# ચૈતર વસાવાની જામીન સહિતની બંને અરજી હાઈકોર્ટે ફગાવી

**વનકર્મી** પર હુમલો-ધમકી કેસમાં 7 વર્ષની સજાને પડકારતી અરજીમાં રાહત નહીં; ધારાસભ્યના જેલવાસમાં વધારો

અમદાવાદઃ નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. વન વિભાગના કર્મચારી પર હુમલો, સરકારી કામગીરીમાં અડચણ અને ધમકી સહિતના ગંભીર આરોપોમાં રાજપીપળા સેશન્સ કોર્ટે ફટકારેલી સાત વર્ષની સજાને પડકારતી ચૈતર વસાવાની અરજીઓ પર સુનાવણી કરતાં ગુજરાત હાઈકોર્ટે તેમને હાલ કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો છે. ચૈતર વસાવાની બંને અરજીઓ ફગાવી દેવામાં આવતા તેમનો જેલવાસ લંબાયો છે.

ચૈતર વસાવાએ સેસન્સ કોર્ટમાં થયેલી સજાને પડકારતી, સાથે જામીન અને રાહતની માગણી કરતી અરજીની હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન કેસની ગંભીરતા, આરોપોની પ્રકૃતિ તેમજ આરોપી લોકપ્રતિનિધિ હોવાના મુદ્દે રાજ્ય સરકાર તરફથી સરકારી વકીલએ હાઈકોર્ટ સમક્ષ એવી દલીલ પણ કરવામાં આવી હતી કે લોકપ્રતિનિધિ તરફથી આ પ્રકારનું વર્તન સમાજમાં વિપરીત સંદેશ પહોંચાડી શકે છે, તેથી ચૈતર વસાવાને રાહત ન આપવા આવે.

ગુજરાત હાઈકોર્ટે કેસની ગંભીરતા અને સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં ચૈતર વસાવાને જામીન અથવા અન્ય રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન કાયદાની સર્વોપરિતાનો પણ ઉલ્લેખ થયો હતો અને કોઈ વ્યક્તિ કાયદાથી ઉપર ન હોઈ શકે તેવો અભિગમ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**તિથલ બીચ...**

સામે આવી છે. ઈન્સ્ટાગ્રામ પર થયેલી મિત્રતાએ કિશોરીના જીવનમાં તુફાન લાવી દીધું હતુ. પોતાના ઘરમાં એકલી પડેલી સગીરા સાથે તેના 1 વર્ષ જૂના ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ અને તેના બે મિત્રએ તેણીને દરિયાકિનારે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતુ. જેને લઈ સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વલસાડ શહેરમાં રહેતી અને ધોરણ 9 માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય કિશોરીના માતા-પિતા કોઈ કામ અર્થે વલસાડ બહાર ગયા હતા. જ્યારે તેનો ભાઈ ગણેશ આગમનના કાર્યક્રમમાં ગયો હતો. ઘરમાં એકલતા અનુભવતી સગીરાએ પોતાના સોશિયલ મીડિયા મિત્રને બોલાવ્યો હતો. કિશોરી આ યુવકના સંપર્કમાં આશરે એક વર્ષ પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે આવી હતી અને બંને વચ્ચે મિત્રતા થઈ હતી. જેના આધારે તેણીએ તેને બોલાવ્યો હતો. જે પોતાના અન્ય એક સાથીદાર સાથે કિશોરીના ઘરે પહોંચ્યો હતો અને તેને તિથલ બીચ પર ફરવા લઈ ગયો હતો. જ્યાં બંને કિશોરોએ તેની સાથે દુષ્કર્મ આચર્યું અને પછી પોતાના અન્ય એક સાથીદારને પણ બોલાવ્યો હતો. તેણે પણ કિશોરી સાથે દુષ્કર્મ આચર્યું હતું. બીજી તરફ તિથલ બીચ પર કિશોરીને એક યુવક સાથે શંકાસ્પદ હાલતમાં જોતાં કોઈ પરિચિતે તાત્કાલિક તેના માતા-પિતાને ટેલિફોનિક જાણ કરી હતી. આ વાતની જાણ થતાં જ માતા-પિતા વલસાડ આવવા રવાના થઈ પુત્રને બહેનની શોધખોળ કરવા જણાવ્યું હતું. ભાઈએ મિત્રો સાથે તુરંત તિથલ બીચ પહોંચી શોધખોળ હાથ ધરતાં અવાવરૂ જગ્યાએથી બહેન મળી આવી હતી અને ઘટનાસ્થળેથી ત્રણેય સગીરો પણ ઝડપાઈ ગયા હતાં. પોલીસે ભોગ બનનાર સગીરાની ફરિયાદ અને તબીબી તપાસના આધારે કાયદાના સંઘર્ષમાં આવેલા ૧૫ વર્ષ, ૧૬ વર્ષ અને ૧૭ વર્ષના ત્રણ સગીરો સામે પોક્સો (POCSO) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**મહોલ્લાના લોકોએ...**

પોલીસ મથકે લઇ ગયા હતાં. જ્યાં પોલીસે તેમની વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**કિશોરી પાસે...**

મોકલ્યો હતો. જેનો મેસેજ મળતાં તે પોતાના સાથીદાર સાથે આવ્યો અને કિશોરીને મોપેડ પર બેસાડી તિથલ લઇ ગયો હતો.

**કાયદાના...**

વલસાડની જુવેનાઇલ કોર્ટમાં કેસ ચાલશે. તેમની ઉંમર 18 વર્ષથી ઓછી હોય તેમને જેલમાં મોકલાશે નહીં.

**ડુંગળી 'કાપ્યા...**

આજે હોલસેલ ડુંગળીનો ભાવ રૂ.50 કિલો એટલે કે 20 કિલોના એક મણનો ભાવ રૂ.1,000 બોલાયો હતો.સુરત એપીએમસીના બાબુભાઈ શેખના જણાવ્યા મુજબ, મહારાષ્ટ્રમાં વરસાદે ડુંગળીનો પાક ધોઈ નાખ્યો છે. મહારાષ્ટ્ર સહિતના ડુંગળી ઉત્પાદક વિસ્તારોમાં નવી ડુંગળીનો પાક બજારમાં આવવાના સમયે જ ભારે વરસાદ પડ્યો હતો. ખેતરોમાં દિવસો સુધી પાણી ભરાઈ રહેતાં ડુંગળીનો પાક મોટા પ્રમાણમાં બગડી ગયો છે અને અનેક સ્થળોએ ખેતરમાં જ ડુંગળી સડી ગઈ છે. મહારાષ્ટ્રના પુણે, નિઝામપુર, નાશિક, વણી, અબોણા અને સરાના સહિતના વિસ્તારોમાં વરસાદને કારણે ઉત્પાદનને ફટકો પડ્યો છે. પરિણામે સુરત એપીએમસીમાં મહારાષ્ટ્રથી આવતી ડુંગળીની આવકમાં પણ ઘટાડો નોંધાયો છે. ખેડૂતોના વેરહાઉસમાં પણ આ વર્ષે સ્ટોક ઓછો જણાયો છે. ડુંગળીના વધતા ભાવથી હવે સામાન્ય પરિવારના દૈનિક રસોડાના ખર્ચમાં પણ વધુ ભાર પડવાની સ્થિતિ સર્જાઈ છે.

**માંડવીમાં...**

પરથી તેની લાશ મળી આવતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા . આ મામલે તુરંત પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી માંડવી રેફરલ હોસ્પિટલ અને બાદમાં ફોરેન્સિક પીએમ અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા, ડીવાયએસપી એચ.એલ.રાઠોડ, એલસીબી, એસઓ જી, એફએસએલ અને ડોગ સ્ક્વોડ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. માંડવી પોલીસે પિતા વાસુદેવભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી એસપી રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ હત્યારાઓને ઝડપી લેવા અલગ-અલગ 8 જેટલી સ્પેશિયલ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**રક્ષાબંધનમાં...**

એકમોમાં તપાસ વધારવામાં આવી હતી. હવે તહેવારો દરમિયાન માવા અને માવામાંથી બનતી મીઠાઈઓની માંગ વધતી હોવાથી માવાની ગુણવત્તા ચકાસવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા સેમ્પલો લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ જો માવામાં ભેળસેળ કે ગુણવત્તા સંબંધિત ખામી જણાશે તો જવાબદાર એકમો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અચાનક તપાસને પગલે માવા વિક્રેતાઓમાં ફફડાટ ફેલાયો છે.

**એક સાથે...**

માટે ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. જોકે, ઉમરા પોલીસે તાત્કાલિક વ્યવસ્થા સંભાળી લેતા સ્થિતિ નિયંત્રણમાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ કે ચોરીની ઘટના નોંધાઈ ન હતી તેમ ઉમરા પીઆઈ દેસાઈએ જણાવ્યું હતું.

**કડોદરામાં...**

લીધો હતો. પરિવારજનોને આ અંગે જાણ થતાં તેઓએ તાત્કાલિક તેણીને નીચે ઉતારી હતી, પરંતુ તપાસ કરતા તેનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે મરણ જનારના સસરા સંજયસિંગ રાજપૂતે રાત્રે ૯:૩૦ વાગ્યે કડોદરા GIDC પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતાં અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. હાલ આ સંવેદનશીલ બનાવની વધુ તપાસ સુરત ગ્રામ્યના કામરેજ વિભાગના નાયબ પોલીસ અધિકારી આર.આર. સરવૈયા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

**'સરકાર'...**

ભારે ધક્કામૂકી શરૂ થતાં મહિલાઓ સહિત અનેક લોકો ગભરાઈ ગયા હતા અને કેટલાક ભક્તોને શ્વાસ લેવામાં તકલીફ તથા ગભરામણની ફરિયાદ થઈ હતી. પ્રશાસનિક નિષ્ફળતાના કારણે પરિસ્થિતિ એટલી વિકટ બની હતી કે ભીડમાં એક બાળક પોતાના પરિવારથી છૂટું પડી ગયું હતું. બાળક સહીસલામત મળી આવતાં તેની મા ભેટીને ભાવુક થઈ રડી પડી હતી.

અફરાતફરી વચ્ચે જીવ બચાવવા અનેક લોકો પોતાના ચપ્પલ-જૂતાં ત્યાં જ છોડીને ભાગવા મજબૂર બન્યા હતા. કાર્યક્રમ બાદ રસ્તા પર ચારે તરફ ચપ્પલ-જૂતાંના ઢગલા જોવા મળ્યા હતા. ઘટનાના વિડીયો પણ સામે આવતાં આયોજકોની બિનજવાબદાર નીતિ અને પોલીસના ભીડ વ્યવસ્થાપન સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શ્રીજીની એક ઝલક માટે ઉમટેલી આસ્થા જ્યારે અંધાધૂંધીમાં ફેરવાઈ ગઈ ત્યારે સવાલ એ ઊભો થાય છે કે, જો ગણેશોત્સવની શરૂઆત પહેલાં જ આયોજકો અને પોલીસની બેજવાબદારી આટલી સીમા વટાવી દે તો આગામી મુખ્ય તહેવારોમાં નાગરિકોની સુરક્ષા કોના ભરોસે રહેશે.

**આયોજન...**

ઘૂસેલા અસામાજિક તત્વો અને ખિસ્સાકાતરૂઓએ ખુલ્લેઆમ તરખાટ મચાવ્યો હતો.

ભગવાન શ્રી ગણેશના દર્શને આવેલા ભક્તોના પાકીટ ચોરાયા હોવાની તેમજ મહિલાઓની છેડતી થઈ હોવાની ઘટનાઓ પણ સામે આવી હતી. આ મામલે વિવાદ થતાં અસામાજિક તત્વો ભીડનું બહાનુ બતાવી છટકી ગયા હતા અને પ્રતિષ્ઠિત પરિવારની મહિલાઓ હોવાથી માથાકૂટ ટાળી હતી. ગત વર્ષે અડાજણ ખાતે ગણેશ શોભા યાત્રામાં થયેલી હત્યાની ઘટના છતાં પોલીસ પ્રશાસને આવી ગંભીર બેદરકારી દાખવી તે શરમજનક છે.

### શહેરમાંથી વધુ ૫૦૩ કિલો અખાદ્ય ખોરાકનો નાશ, 105 એકમને નોટિસ

આરોગ્ય વિભાગ દ્વારા શહેરના તમામ ઝોનમાં હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબા સામે સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તારીખ ૨૪ ઓગસ્ટના રોજ ફૂડ સેફ્ટી ઓફિસરો અને સેનિટેશન સ્ટાફની ટીમોએ ૨૩૭ જેટલા ખાદ્ય એકમોનું આકસ્મિક ઇન્સ્પેક્શન કર્યું હતું. ચેકિંગ દરમિયાન અસ્વચ્છતા અને વાસી ખોરાક રાખવા બદલ ૧૦૫ એકમોને નોટીસ ફટકારવામાં આવી છે, જ્યારે ૫૦૩.૨૯ કિલોગ્રામ જેટલા અખાદ્ય ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિયમભંગ કરનારા એકમો પાસેથી રૂ. ૫,૧૬,૭૦૦/- નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો છે તથા ખોરાકના ૪૨ નમૂના પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા છે.

છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી આ ઝુંબેશમાં અત્યાર સુધી ૧૭૪૯ એકમો તપાસી ૬૦૪૪ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો છે અને ૮૨ એકમોને તાત્કાલિક અસરથી બંધ કરાવાયા છે.

**ક્યાંથી માવાના સેમ્પલ લેવાયા?**

| માવા વિક્રેતા | વિસ્તાર |
|---|---|
| જય માં વૈષ્ણો સ્વીટ | ખટોદરા |
| જૈન માવા ભંડાર | હરીપુરા, પીરસણી રોડ |
| શ્રીકૃષ્ણ માવા ભંડાર | અંબાજી રોડ, વાડી ફળિયા, ખાંડવાલા શેરી |
| એમ.એસ. શંકરલાલ | હરીપુરા, ન્યુ બ્લુ ડાયમંડ એપાર્ટમેન્ટ |
| બાપા સીતારામ ડેરી એન્ડ સ્વીટ માવા | સચિન સ્ટેશન રોડ, શંભુ શક્તિ કોમ્પલેક્ષ |
| અંબાશંકર માવા ભંડાર | ભાગળ, બરાનપુરી |
| બંસી માવા ભંડાર | બરાનપુરી |

### કડોદના ન્યૂઝ પેપર એજન્ટ બકુલચંદ્ર ટેલરનું ૭૧ વર્ષની વયે અવસાન



કડોદઃ કડોદના પ્રેસ પ્રતિનિધિ ચેતન ટેલરના મોટા ભાઈ તથા સુરત જિલ્લાના સૌથી જૂના ન્યૂઝ પેપર એજન્ટ બકુલચંદ્ર વિઠ્ઠલભાઈ ટેલરનું ટૂંકી માંદગી બાદ ૭૧ વર્ષની ઉંમરે અવસાન થયું છે. સદગતની સ્મશાનયાત્રામાં નગરની સહકારી, સેવાભાવી તથા સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ દીપકભાઈ શાહ, પિનાકીનભાઈ શાહ, ઘનશ્યામભાઈ ગાંધી, ઉમેશ જોષી, હરદીપસિંહ દેસાઈ, કેતન પટેલ, અતુલ મોદી સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ૬ એપ્રિલ-૧૯૪૦થી ટેલર પરિવાર અખબારના વ્યવસાય સાથે જોડાયેલા છે તેમજ અખબારના સમાચાર, સર્ક્યુલેશન તથા જાહેર ખબર વિભાગ સાથે સંકળાયેલા રહ્યા છે. સદગતની પ્રાર્થના સભા તા.૩૦/૮/૨૦૨૬ ને રવિવારે બપોરે ૩થી ૫ કલાક, જલારામ મંદિર હોલ, કડોદ ખાતે રાખવામાં આવી છે.